ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૨/૧૯–૨૦/ 5103
તારીખ : 18 DEC 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મહેશભાઈ પ્રાગજીભાઈ પટેલ,**
શ્રી રાઘવભાઈ ખીમાભાઈ પટેલ વતી,
ગામ–સરલા, તા.મૂળી,
જી.સુરેન્દ્રનગર.
**ફો.નં. ૦૨૭૫૧–૨૨૨૪૪૪.**

કેસ નં.૬૨/૧૯–૨૦

**વિષય : ગ્રાહક નં.૨૭૬૨૮/૦૦૬૯૩/૦ માં બાકી નાણા જમા આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૫/૦૯/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૨/૧૯–૨૦/૩૮૩૩ તા.૩૦/૦૯/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૨/૧૯–૨૦/૪૩૬૨ તા.૧૪/૧૧/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૯/૧૧/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૨/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી રાઘવભાઈ ખીમાભાઈ પટેલ વતી શ્રી મહેશભાઈ પ્રાગજીભાઈ પટેલ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૯.૧૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી મહેશભાઈ પ્રાગજીભાઈ પટેલ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી રાઘવભાઈ ખીમાભાઈ પટેલ વતી શ્રી મહેશભાઈ પ્રાગજીભાઈ પટેલ, મુ.સરલા, તા.મૂળી, જી.સુરેન્દ્રનગરની ગ્રાહક નં.૨૭૬૨૮/૦૦૬૯૩/૦ માં બાકી નાણા જમા આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૨/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૬૨/૧૯–૨૦/૩૮૩૩ તા.૩૦.૦૯.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯.૧૧.૨૦૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી મહેશભાઈ પ્રાગજીભાઈ પટેલ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો મહેશભાઈ પ્રાગજીભાઈ પટેલ ગામ–સરલાના રહેવાસી અમો પટેલ રાઘવજીભાઈ ખીમાભાઈ પટેલના નામે ખેતીવાડી વીજજોડાણ ધરાવતાં હતાં. જેનો ગ્રાહક નં.૨૭૬૨૮/૦૦૬૯૩/૦, જેના હો.પા. ૨૭.૫ થી હતું. જેમાં બોરમાં પાણી ન હોવાથી તા.૨૨/૧૨/૧૭ ના રોજ મૂળી પેટા વિભાગીય કચેરી ખાતે રૂબરૂ ગયેલ અને લેખિતમાં અરજી આપેલ અને સદર ખેતીવાડી વીજજોડાણની અમારે જરૂરીયાત ન હોવાથી કાયમી ધોરણે બંધ કરવા અરજી આપેલ.

૧.૨ જેના અનુસંધાને અમો દવારા તા.૨૨/૧૨/૨૦૧૭ ના રોજ સદર ખેતીવાડી વીજજોડાણમાં તા.૨૨/૧૨/૧૭ સુધીના બાકી લેણા પેટે રૂા.૩૭૬૦/– રસીદ નં.૪૪૪૯૪૮ તા.૨૨/૧૨/૧૭ થી ભરપાઈ કરેલ અને તે જ દિવસે

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

..૨..

નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, મૂળીનાં પત્ર નં.૧૧૨૫૨ દવારા જવાબદાર કર્મચારીને કાયમી ધોરણે કનેકશન રદ કરવા માટે મીટર સર્વિસ ઉતારવા બાબતે પત્ર લખેલ અને સદર પત્ર જે તે જવાબદાર કર્મચારીને કચેરી દવારા આપવામાં આવેલ હતો.

૧.૩ આમ, અમો દવારા તા.૨૨/૧૨/૧૭ ના રોજ અમારૂ ખેતીવાડી વીજજોડાણ કાયમી ધોરણે બંધ કરવાની અરજી આપેલ અને તે દિવસ સુધીના વીજબીલ પેટેના સંપુર્ણ નાણા ભરપાઈ કરેલ તેમ છતાં મૂળી પેટા વિભાગીય કચેરી દવારા પત્ર નં.૧૨૭૮૮ તા.૧૨/૧૨/૨૦૧૮ થી લીગલ નોટીસ પાઠવી સદર વીજજોડાણમાં બાકી નાણા ભરપાઈ કરવા માટે જણાવવામાં આવે છે. અમારી સામે કાયદેસરના પગલા લેવા જણાવવામાં આવે છે.

૧.૪ આપ સાહેબને નમ્ર અરજ સાથે જણાવવાનું કે મારા દવારા મારા દાદા એટલે કે રાઘવજીભાઈ ખીમજીભાઈ ની ઉંમર આશરે ૯૬ વર્ષ હોય, તેઓ કચેરીમાં થઈ શકે તેમ ન હોવાથી હું ૧૦ થી ૧૫ વખત ધકકા ખાધેલ પણ મૂળી કચેરીનાં કર્મચારી દવારા મને સદર નાણા ભરપાઈ કરવા દબાણ કરે છે અને નોટીસો આપી ધમકીઓ આપે છે.

૧.૫ હકીકતમાં તા.૨૨/૧૨/૧૭ ના રોજ સંપુર્ણ નાણા ભરી અમોએ વીજજોડાણ કાયમી ધોરણે બંધ કરાવેલ પણ સદર વીજજોડાણ કચેરી દવારા સમયમર્યાદામાં પી.ડી.સી. કરેલ ન હોવાના કારણે તા.૨૨/૧૨/૧૭ પછીના વીજબીલના નાણા ચડત થયેલ હોવાથી અમોને ભરપાઈ કરવા અવારનવાર નોટીસ પાઠવીને હેરાન પરેશાન કરવામાં આવે છે.

૧.૬ આથ આપ સાહેબને નમ્ર અરજ છે કે સદર બાબતે મને ન્યાય આપવા નમ્ર વિનંતી છે. આ સાથે જરૂરી દસ્તાવેજોની નકલ બીડાણ કરવામાં આવે છે તેમજ મારી નીકળતી ડીપોઝીટની રકમ પરત અપાવવા વિનંતી છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ પટેલ રઘુભાઈ ખીમાભાઈ એ મૂળી પેટા વિભાગીય કચેરીનાં ગ્રાહક છે, તેમનો ગ્રાહક નં.૨૭૬૨૮/૦૦૬૯૩/૦ છે તેઓ એ–૧ કેટેગરીનું ખેતીવાડી કનેકશન ૨૭.૫ હોર્સ પાવરનું ધરાવે છે. તેમનું કનેકશન રીલીઝ તા.૧૧/૦૩/૦૯ છે અને તેમનું કનેકશન પી.ડી.સી. તા.૧૨/૦૬/૧૮ છે.

૨.૨ પટેલ રઘુભાઈ ખીમાભાઈ એ મૂળી પેટા વિભાગીય કચેરીમાં છેલ્લુ પેમેન્ટ રૂા.૩૭૬૦/– તા.૨૨/૧૨/૧૭ ના રોજ કરેલ ત્યારબાદ ફેબ્રુઆરી–૧૮, એપ્રિલ–૧૮, જુન–૧૮ માં એ–૧ કેટેગરીનું એસેસમેન્ટ રૂા.૧૧૧૦૩.૧૨ પી.ડી.સી.ની તારીખ સુધી ચડેલ, જેમાં ગ્રાહકના લેજરમાં મે–૧૮ માં સીકયોરીટી ડીપોઝીટનું વ્યાજ રૂા.૪૧૭/– ક્રેડીટ આપેલ, તેમજ તા.૩૦/૧૦/૧૮ ના રોજ બાકી લેણા પેટે સીકયોરીટી ડીપોઝીટ એડજેસ્ટ કરતાં, પીજીવીસીએલ ગ્રાહક પાસેથી રૂા.૪૫૦૬.૮૧ તેમજ તેના પરનું તા.૧૨/૦૬/૧૮ થી એટલે કે કનેકશન પી.ડી.સી. થયા પછીનું વ્યાજ તા.૧૨/૦૬/૧૮ થી ૨૦/૧૧/૧૯ સુધીનું ૫૨૬ દિવસનું વાર્ષિક રૂા.૭૭૯.૩૭ વસુલવા હકકદાર છે.

૨.૩ સદર કનેકશન ગ્રાહકનું કનેકશન ગ્રાહકની અરજીના આધારે પી.ડી.સી. કરેલ હોવાથી, નોટીફીકેશન–૯/૨૦૦૫ મુજબ ગ્રાહક પાસેથી પી.ડી.સી. ચાર્જ પેટે રૂા.૧૦૦/– પીજીવીસીએલ ગ્રાહક પાસેથી વસુલવા હકકદાર છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૪ સદર ગ્રાહકનું કનેકશન પી.ડી.સી. તા.૧૨/૦૬/૧૮ ના રોજ મૂળી પેટા વિભાગીય કચેરી દવારા થયેલ છે જેથી મુદલ તથા વ્યાજ સાથે રૂા.૫૨૮૬.૧૮ ગ્રાહક પાસેથી વસુલવા હકકદાર છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મહેશભાઈ પ્રાગજીભાઈ પટેલ તેમના દાદા રઘુભાઈ ખીમાભાઈ પટેલના નામનું ૨૭.૫ હો.પા.નું ખેતીવાડી વીજજોડાણ એ–૧ ટેરીફ હેઠળ ગ્રાહક નં.૨૭૬૨૮/૦૦૬૯૩/૦ થી ધરાવતાં હતાં.

૩.૨ વાદીએ તા.૨૨/૧૨/૨૦૧૭ ના રોજ વીજજોડાણની જરૂરીયાત ન હોવાથી પ્રતિવાદીની મૂળી પે.વિં.કચેરીમાં કાયમી ધોરણે રદ કરવા માટે અરજી કરેલ અને વાદીએ તેના વીજજોડાણ સામે બાકી નીકળતી લેણી રકમ રૂા.૩૭૬૦/– તા.૨૨/૧૨/૧૭ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૩ પ્રતિવાદીએ વાદીની તા.૨૨/૧૨/૧૭ ની વીજજોડાણ રદ કરવાની અરજી પરથી તા.૨૨/૧૨/૧૭ ના રોજ પત્ર નં.૧૧૨૫૨ થી તેનાં સ્ટાફને રઘુભાઈ ખીમાભાઈ પટેલનું ગામ–સડલા નું વીજજોડાણ રદ કરવા માટે પત્ર લખેલ અને તે મુજબ પ્રતિવાદીનાં સ્ટાફ એ તા.૨૩/૧૨/૧૭ ના રોજ વાદીનાં વીજજોડાણ પરથી સર્વિસ વસાયર દુર કરી, જોડાણ કાયમી ધોરણે રદ કરેલ.

૩.૪ તા.૧૨/૧૨/૧૮ ના રોજ પ્રતિવાદીએ વાદીનો દિવસ–૭ માં રૂા.૪૫૦૬.૮૧ પૈસા ભરવા માટે લીગલ નોટીસ પાઠવેલ, જેનાથી નારાજ થઈ વાદીએ ફોરમને રજુઆત કરેલ છે તેમજ વાદીએ સીકયોરીટી ડીપોઝીટ પરત મેળવવા માટે રજુઆત કરેલ છે.

૩.૫ પ્રતિવાદીએ ફોરમ સમક્ષ કરેલ રજુઆત અને રજુ કરેલ રેકોર્ડ પરથી જણાય છે કે પ્રતિવાદીએ તા.૨૪/૧૨/૧૭ એટલે કે વાદીનું વીજજોડાણ પી.ડી.સી. કર્યા પછી પણ જુન–'૧૮ સુધી દ્વિમાસિક બીલ ચાલુ રાખેલ અને વાદીનાં વીજજોડાણનાં ખાતામાં રૂા.૧૧,૧૧૩.૧૨ પૈસા ઉધારેલ અને વાદીનાં વીજજોડાણ સામે પ્રતિવાદી રહેલ સીકયોરીટી ડીપોઝીટ રૂા.૬૧૮૮/– એડજસ્ટ કરી, રૂા.૪૫૦૬.૮૧ ભરવા માટેની નોટીસ વાદીને આપેલ.

૩.૬ ખરેખર વાદીનું વીજજોડાણ તા.૨૩/૧૨/૧૭ ના રોજ કાયમી ધોરણે રદ કર્યા બાદ તેમજ વાદીએ બાકી નીકળતી લેણી રકમ ભર્યા બાદ, પ્રતિવાદીએ બીલીંગ ચાલુ રાખી રૂા.૧૧૧૦૩.૧૨ ની રકમ ઉધારેલ, જે રદ થવા ને પાત્ર છે તેમજ વાદીની સીકયોરીટી ડીપોઝીટ રૂા.૬૧૮૮/– વાદીને નિયમ મુજબ પરત મળવી જોઈએ.

૩.૭ પ્રતિવાદીએ રજુઆત કર્યા મુજબ પી.ડી.સી. જોડાણ કરતાં પહેલા એક માસનું એડવાન્સ બીલ તેમજ પી.ડી.સી. ચાર્જ વસુલવા માટે પ્રતિવાદી હકકદાર છે.

૩.૮ ઉપરોકત તારણ નં.૩.૬ અને ૩.૭ મુજબ પ્રતિવાદીએ વાદીને આપેલ રકમ રૂા.૪૫૦૬.૮૧ ની લીગલ નોટીસ રદ કરી, વાદીને સીકયોરીટી ડીપોઝીટ રૂા.૬૧૮૮/– પરત કરતાં પહેલા એક માસનો મીનીમમ ચાર્જ તેમજ પી.ડી.સી.નો ચાર્જ વસુલી, બાકીની રકમ વાદીને નિયમ મુજબ અરજી મળ્યે રીફન્ડ આપવા.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૮ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| (બી. જે. દવે) | (પી. એન. આજકીયા) | (એમ. આર.વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી, |
| | | ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ |
| | | પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર. |

તારીખ :– ૧૯.૧૧.૨૦૧૯

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar